કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર
Digital Copy
जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

ગરવી ગુજરાત

I ❤ Gujarat

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 17 | 4 October 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail. com | CANADA |

પ્રથમવાર આયોજિત નવરાત્રી મહોત્સવમાં કેનેડાના કીપલિંગ એવન્યુ, ઈટોબીકોકમાં

ખેલૈયાઓનો ભવ્ય ઉત્સાહ - ત્રિદિવસીય ગરબા મહોત્સવ ભક્તિ અને સંસ્કૃતિનો સંગમ બન્યો

ટોરોન્ટો (કીપલિંગ એવન્યુ, ઈટોબીકોક) - કેનેડાની ધરતી પર ભારતની સંસ્કૃતિને જીવંત રાખતી અનોખી ઉજવણીના રૂપમાં, કીપલિંગ એવન્યુ ખાતે પ્રથમ વખત આયોજિત ત્રિદિવસીય નવરાત્રી મહોત્સવે ઉમંગ અને ઉત્સાહનો એક નવતર અધ્યાય લખ્યો. પ્રથમવાર ઉજવાયેલા મહોત્સવમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ભક્તિભાવપૂર્વક ગરબા રમવા ઉમટ્યા હતા.

આ આયોજનમાં ખાસ વાત એ રહી કે ફ્રી એન્ટ્રી, ફ્રી પાર્કિંગ અને ત્રણેય દિવસ મહાપ્રસાદની વ્યવસ્થા સાથે પ્રારંભથી અંત સુધી સમગ્ર કાર્યક્રમ sponsorsના સહયોગથી સફળતાપૂર્વક સંચાલિત થયો. માતાજીની આરાધનામાં તન, મન અને ધનથી જોડાતા સમર્પિત પ્રવૃત્તિઓ દર્શાવતા લોકોએ સંસ્કૃતિ અને સેવા બંનેનું સમન્વય જોયો.

રાત્રિના ગરબા કાર્યક્રમમાં, સ્થાનિક તેમજ બહારથી આવેલા કલાકારોના સંગીત અને નૃત્યે સમગ્ર વાતાવરણને ગરબામય બનાવી દીધું. બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો - દરેક વર્ગના લોકો રંગીલા પરિધાનોમાં જોવા મળ્યા અને સંપૂર્ણ ઉત્સાહ સાથે માતાજીના ચરણોમાં પોતાના નૃત્ય રૂપી અર્પણ અર્પણ કર્યું.

મહાપ્રસાદમાં, વિવિધ ભારતીય વાનગીઓનો અનુભવ કરાવતી રસોઈથી સભાગ્રહ ભક્તિમય બની ગયો હતો. સ્થાનિક પ્રવર્તકો અને વિલિંગ વોલન્ટિયર્સે સેવા ભાવના સાથે મહાત્મા ગાંધીજીના "સેવામાં શ્રી છે" સૂત્રને સાકાર કર્યું.

આ પહેલને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપનાર તમામ સ્પોન્સર્સ, વોલન્ટિયર્સ અને સ્થાનિક સંગઠનોને ખાસ અભિનંદન આપવામાં આવ્યા. એક જૂની ભારતીય પરંપરાને વિદેશી જમીન પર પુનઃ જીવંત કરવાની આ પહેલને સૌએ ખુલ્લેઆમ વખાણી.

આ ત્રિદિવસીય ઉત્સવ માત્ર ગરબા પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ ભારતીય સંસ્કૃતિના ઊંડા મૂલ્યો, સમરસતા અને ભક્તિભાવના પ્રતીક રૂપે સાબિત થયો.

અંતે, કીપલિંગ એવન્યુના આ પ્રથમ નવરાત્રી મહોત્સવે એક ઉદ્‌ઘોષ કરી દીધો છે - કેનેડામાં પણ ગરબાની ધમધમાટ હવે ઘરેલું ઉત્સવો જેવી લાગણી આપે છે.

ગરબા કાર્યક્રમના સ્પોન્સર્સ

રબ્બા ગ્રોસરી સ્ટોરના પાર્ટનર્સ - જય પટેલ, જતીન પટેલ, જૈમીન પટેલ

ઈસ્કોન થાળના પાર્ટનાર્સ - જતીન પટેલ, મિતેશ પટેલ

જે. પી. પાનીપુરીના માલિક - કુંજનભાઈ

મહેફીલ સ્ટોરના માલિક - ઈશાંત કપુર

એગો હોલીકના માલિક - રાકેશ ચૌધરી

હ્યુમન ફોર હાર્મની ગ્રુપ તથા શ્રી શામ શાહ અને સમુદાય નેતા શ્રી આર. બી. ડોન ખાસ મદદરૂપ થયા હતા

સાપ્તાહિક રાશિ ભવિષ્ય

4 ઓક્ટોબરથી આવતા શનિવાર સુધી

મેષ રાશિ અ, લ, ઈ સ્વાસ્થ્ય કુંડળી મુજબ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ આ અઠવાડિયું થોડુંક સારું રહ્યું છે. જો કે, આ સમય દરમિયાન, તમારે કેટલીક બાબતો પર વિશેષ ધ્યાન આપવું પડશે, જેમ કે: જ્યારે તમારી પાસે સમય હોય ત્યારે પાર્કમાં કસરત કરો અથવા યોગ કરો.

વૃષભ રાશિ બ, વ, ઉ કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. કોઈ તમારી પાસેથી લોન માગે હમણાં આવા વ્યક્તિને અવગણવા.

મિથુન રાશિ ક, છ, ઘ જીમમાં જતા લોકોને વધારે વજન ઉતારવાનું ટાળવું જોઈએ, નહીં તો તમારા સ્નાયુઓ ખેંચાઈ શકે છે. આ સિવાય ખાસ કરીને તમારા સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વધુ સારા સમયની સંભાવના હોય તેવું લાગે છે. તમારે કોઈને ધ્યાનમાં લીધા વિના તમારા પૈસા આપવું જોઈએ નહીં.

કર્ક રાશિ ડ, હ ઘણા ગ્રહો આગળ વધશે અને આ તે સમય હશે જ્યારે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા વધુ મજબૂત હોય અને તમે વિવિધ પ્રકારની શારીરિક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકો. જેમણે અન્યત્ર રોકાણ કર્યું છે તેઓને આ અઠવાડિયે આર્થિક નુકસાન થવાની સંભાવના છે.

સિંહ રાશિ મ, ટ પ્રકૃતિએ તમને આત્મવિશ્વાસ અને તીવ્ર મન આપ્યો છે. આવી સ્થિતિમાં, તમને તેનો સંપૂર્ણ આદરપૂર્વક ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. આ માટે, તમારો બાકીનો સમય બગાડો નહીં, કેટલાક ઉત્પાદક કાર્ય કરવાનો પ્રયાસ કરો.

કન્યા રાશિ પ, ઠ, ણ જો તમે માંસ ખાશો, તો આ અઠવાડિયે તમે નબળાઇની સમસ્યાથી છૂટકારો મેળવશો. જો કે, તે સારું રહેશે કે બહારથી ખોરાક મંગાવવાની જગ્યાએ, ઘરેલું ખોરાક ખાઓ અને ખોરાકને પચાવવા માટે દરરોજ લગભગ 30 મિનિટ ચાલો.

તુલા રાશિ ર, ત જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તમને ખૂબ નસીબ મળશે. જો તમે સમજદારીપૂર્વક કામ કરો છો, તો તમે વધારે પૈસા કમાઇ શકો છો.

વૃશ્ચિક રાશિ ન, ય તમે ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવો છો. કારણ કે આ દરમિયાન, તમે તમારા કુટુંબ અને ક્ષેત્રમાં યોગ્ય સંતુલન જાળવવામાં અને તે દરમિયાન તમારા સ્વાસ્થ્યને જાળવવામાં સફળ થશો. જો તમે આ અઠવાડિયામાં લાંબા સમય માટે રોકાણ કરો તો તમને ઘણો ફાયદો મળી શકે છે.

ધન રાશિ ભ, ધ, ફ, ઢ ડ્રાઇવરોને ખાસ સાવચેતી રાખવાની સૂચના છે, કારણ કે શક્ય છે કે તમારી થોડીક બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થાય. કોઈ કારણસર તમારા પૈસાની ચોરી થઈ હોવાની સંભાવના છે. તેથી, તમારા નાણાં કાળજીપૂર્વક સલામત સ્થાને રાખો.

મકર રાશિ ખ, જ નાની સ્વાસ્થ્ય સમસ્યાઓ સિવાય કોઈ મોટો રોગ થવાની સંભાવના ઓછી રહેશે. જો કે, કોઈ મોસમી રોગના કિસ્સામાં જો તમારી પાસે ઘરે તમારી પોતાની સારવાર ન હોય તો, તમારે ડોક્ટરની સલાહ લીધા વિના દવાઓ ન લેવાની સૂચના આપવામાં આવે છે.

કુંભ રાશિ ગ, સ, શ, ષ જીવનમાં ફરતા ખડક તમારા પારોમાં વધારો કરી શકે છે. જેના કારણે માથાનો દુખાવો લાગશે અને ઘરના બાળકો ઉપર બિનજરૂરી રીતે ગુસ્સો કરશો. સ્વભાવમાં સકારાત્મકતા લાવો, નહીં તો બાળકો સાથેના તમારા સંબંધોને અસર થઈ શકે છે.

મીન રાશિ દ, ચ, ઝ, થ સ્વાસ્થ્ય પાછલા અઠવાડિયા કરતા સારું રહેશે અને તમારું સ્વાસ્થ્ય મજબૂત સાથે, તમે ઘણું સારું અનુભવશો. આ તે કારણ છે કે તમે આ વર્ષમાં લાંબી રોગોથી છુટકારો મેળવવામાં સમર્થ હશો. ઉપરાંત, આ સમય દરમિયાન તમારું જીવન પણ ઊર્જાથી ભરેલું રહેશે.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

તંત્રી લેખ

વિજયાદશમીએ RSSની સ્થાપના 100 વર્ષ પૂર્ણ

Jai Jai Garvi Gujarat!

પ્રિય વાચક મિત્રો

ભારતના સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં એક વિશેષ સ્થાન ધરાવતી સંસ્થા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.) આજે વિશ્વવિખ્યાત છે. તેના અસ્તિત્વની શરૂઆત ૧૯૨૫માં થઈ હતી અને આ શરૂઆત વિજયાદશમી જેવા પાવન પર્વ સાથે જોડાયેલી છે.

સ્થાપનાનો ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

વીસમી સદીની શરૂઆતમાં ભારત સ્વાતંત્ર્ય માટે જઝુમતું હતું. અંગ્રેજ શાસન સામે રાજકીય લડત ચાલુ હતી, પરંતુ હિંદુ સમાજમાં આંતરિક દુર્બળતા, જાતિવાદ, અવિશ્વાસ અને અસંગઠિતતા જોવા મળતી હતી. આ પરિસ્થિતિમાં ડૉ. કેશવ બળિરામ હેડગેવારએ રાષ્ટ્રીય એકતા માટેની સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો.

ડૉ. કેશવ બળિરામ હેડગેવારે તારીખઃ ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ નાગપુર (મહારાષ્ટ્ર) ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપના કરી.

નાગપુરમાં થોડાક યુવાનોથી આ કાર્યનો આરંભ થયો, જે બાદમાં સમગ્ર દેશમાં એક વિશાળ સંગઠન બની ગયું.

આર.એસ.એસ.ની સ્થાપના માટે વિજયાદશમી (દશેરા)નો દિવસ પસંદ કરાયો. વિજયાદશમી હિંદુ સંસ્કૃતિમાં સત્કર્મના વિજયનો દિવસ માનવામાં આવે છે.

ભગવાન રામે આ દિવસે રાવણનો સંહાર કર્યો હતો. દેવી દુર્ગાએ આ દિવસે મહિષાસુરનો વધ કરીને સત્ય અને ન્યાયની સ્થાપના કરી હતી. આ દિવસે શસ્ત્રપૂજન તથા નવી શરૂઆત કરવાની પરંપરા પ્રાચીન કાળથી છે. આ કારણસર સંઘની સ્થાપના માટે આ દિવસ અત્યંત યોગ્ય માનવામાં આવ્યો. દર વર્ષે આર.એસ.એસ. પોતાના સ્થાપના દિવસ તરીકે વિજયાદશમીને ઉજવે છે.

આ દિવસે સમગ્ર દેશમાં હજારો શાખાઓમાં વિશેષ કાર્યક્રમો યોજાય છે.

સંઘના સર સંઘચાલક દ્વારા મુખ્ય મથક નાગપુરમાંથી વાર્ષિક વિજયાદશમી ભાષણ આપવામાં આવે છે.

આ ભાષણમાં રાષ્ટ્રીય પરિસ્થિતિ, સંઘના કાર્ય અને ભવિષ્યની દિશા અંગે માર્ગદર્શન અપાય છે.

આ પરંપરા ૧૯૨૫થી શરૂ થઈ અને આજ સુધી સતત ચાલતી રહી છે. આર.એસ.એસ. માટે વિજયાદશમી માત્ર ધાર્મિક પર્વ નથી, પરંતુ સંગઠન, એકતા અને રાષ્ટ્રીય પુનર્જાગરણની પ્રેરણા આપતો દિવસ છે. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ શરૂ થયેલી આ સંસ્થા આજે વિશ્વના સૌથી મોટા સ્વયંસેવક સંગઠનોમાંની એક છે.

સુજ્ઞેશ પટેલ (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

બ્રામ્પ્ટનમાં 'મા બહુચરનો આનંદનો ગરબો' સંપન્ન

નવરાત્રીના પવિત્ર દિવસોમાં માતાજીની પૂજા, અર્ચનાનું વિશેષ મહત્વ હોય છે. આ હેતુ સર શ્રીમતી યેરા અને ધ્વનિત સોની તેમજ શ્રીમતી ગાયત્રીબેન અને સુનિલભાઈ સોનીના નિવાસ સ્થાને તેમના પરિવાર તરફથી 'મા બહુચરના આનંદના ગરબાનું 'સુંદર આયોજન કરવામાં આવ્યું. બ્રામ્પ્ટન, કેનેડાના 'Algro મહાલક્ષ્મી આનંદના ગરબા મંડળ'ની બહેનોએ વાજિંત્રો સાથે સૂર અને તાલ મિલાવી મા બહુચરના આનંદના ગરબાનું ખૂબજ સારી રીતે ગાન કર્યું. માતાજીની સ્તુતિ તથા નવરાત્રીના દિવસો હોઈ મા અંબેના ગરબા ગાઈ સૌએ આનંદ મેળવ્યો અને ભક્તિરંગે રંગાયા. અંતે આરતી કરી, પ્રસાદ ગ્રહણ કરી સ્વાદિષ્ટ ભોજન લઈ સૌએ વિદાય લીધી ...

-અહેવાલ-ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી.

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો

વાત મારી જેને સમજાતી નથી, એ ગમે તે હોય.. ગુજરાતી નથી..

-ખલીલ. (સંકલન) ડોક્ટર પ્રકાશભાઈ ઠક્કર કાલોલ ગુજરાત

Happy Birthday

આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

આપ સૌ વાચક મિત્રોના ઉત્સાહ પ્રેરક સહકારથી પ્રેરિત થઈને આપ સમક્ષ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના આ અંકમાં સાપ્તાહિક જ્ઞાન ક્વિઝમાં ગયા સપ્તાહના જવાબો તથા વિજેતા. દર અઠવાડિયે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના કોઈપણ પેજ ઉપર ક્વીઝ આપવામાં આવશે. જેમાં આઠ પ્રશ્નો હશે તેના સૌ પ્રથમ સાચા જવાબ આપનાર ત્રણ વિજેતા પછીના અંકની ક્વિઝ સાથે નામ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં જાહેર કરવામાં આવશે

વાચક મિત્રો આ રહ્યા પ્રથમ જ્ઞાન ક્વિઝ-8ના સવાલોના જવાબો

Q-1 = B	Q-3= A	Q-5= D	Q-7 = B
Q-2 = B	Q-4= B	Q-6 = A	Q-8 = B

આપના જવાબો +14373130062 આ વ્હોટ્સએપ નંબર પર મોકલવા.

સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ

તમારું જ્ઞાન અજમાવો –

જવાબો આવતા અંકમાં જાહેર કરાશે!

આજની ક્વિઝના પ્રશ્નો:

સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ -9

(Multiple Choice)

1: ભારતનું રાષ્ટ્રગીત ‘જન ગણ મન’ કોણે રચ્યું હતું?
a) મહાત્મા ગાંધી
b) રવીન્દ્રનાથ ટાગોર
c) બંકિમચંદ્ર ચટર્જી
d) સરોજિની નાયડુ

2: ‘વિશ્વ પુસ્તક દિવસ’ ક્યારે ઉજવાય છે?
a) 23 એપ્રિલ
b) 15 ઓગસ્ટ
c) 10 ડિસેમ્બર
d) 5 સપ્ટેમ્બર

3: વિશ્વનો સૌથી મોટો મહાસાગર કયો છે?
a) એટલાન્ટિક
b) હિંદ મહાસાગર
c) પ્રશાંત મહાસાગર
d) આર્કટિક

4: ‘પંચતંત્ર’ના ગ્રંથકાર કોણ હતા?
a) કાલિદાસ
b) ચાણક્ય
c) વિષ્ણુશર્મા
d) વાલ્મીકિ

5: ભારતમાં ‘રેલવે મ્યુઝિયમ’ ક્યાં આવેલું છે?
a) મુંબઈ
b) દિલ્હી
c) કોલકાતા
d) ચેન્નાઈ

6: ‘વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)’ નું મુખ્ય મથક ક્યાં આવેલું છે?
a) ન્યૂયોર્ક
b) જિનીવા
c) પેરિસ
d) લંડન

7: ભારતનો કયો રાજ્ય ‘મસાલાની ભૂમિ’ તરીકે ઓળખાય છે?
a) ગુજરાત
b) કેરળ
c) તમિલનાડુ
d) આસામ

8: ‘શ્રી અરવિંદ આશ્રમ’ ક્યાં આવેલું છે?
a) પોંડિચેરી
b) અમદાવાદ
c) વારાણસી
d) જયપુર

દશેરાએ જવારા કેમ ધરાવાય છે?

લેખક શ્રી કિરીટભાઈ પટેલ કેનેડા

તેમાં એમ ભાવ છે કે શ્રી મુખ્ય સ્વામિનીજીના ચરણાર્વિન્દમાં જવનું ચિન્હ છે. તેને શ્રી ગોકુલેશ પ્રભુ વશ થઈને પોતાના મસ્તક ઉપર તે જવ ધરે છે. જવના દસ અંકુર ધરે છે એમાં એમ ભાવ છે કે જે અંકુર છે તે રસભાવના બીજથી ઉત્પન્ન અંકુર અને દસ પ્રકારની ભક્તિનું સૂચન કરે છે.

શ્રી સ્વામિનીજીનો મુખ્ય ભાવ તો પ્રેમલક્ષણા સમી પાગી નેહ એમ છે અને તેને સહાયભૂત શ્રવણ આદિ નવભક્તિ છે તે બધી પુષ્ટિ ભક્તિ રૂપ છે તેથી તે અંકુર દ્વારા શ્રી ગોકુલેશજી પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. સદા સ્વામિનીજીને રસ વશ છે. વિજયા દશમીને દિવસે અંકુર ધારણ કરે છે કારણકે તે દિવસે પ્રિયાજી સાથે પ્રથમ સમાગમ છે.

ઉથાપનને સમયે ઘોડા શણગારે અને સત્કાર તિલક કરે. મહેદ હરિદાસભાઈ તો શ્રી ગોકુલેશજીના ઘોડાને અલૌકિક કહે છે. શ્રી ગોકુલેશજીના ઘોડા તો અલૌકિક નિત્ય લીલા સંબંધી છે.

સર્વેને પુરુષોત્તમ સેવ્ય અને પુરુષોત્તમને લીલા મધ્યપાતિ સેવ્ય અને તેથીજ આ ઘોડાઓનું પૂજન વિજયા દશમીના દિવસે પોતે કરે છે. પુષ્ટિ માર્ગમાં ઘોડો એ ભક્તનું સ્વરૂપ છે. શ્રીજી તેના ઉપર સવાર થાય પછી

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

ઓક્ટોબર

- સ્વિટ્ઝર્લેન્ડ અને પેરિસ — 09 રાત્રિ - 10 દિવસ — 22 ઓક્ટોબર
- આઈસલેન્ડ — 09 રાત્રિ - 10 દિવસ — 22 ઓક્ટોબર
- તુર્કી — 10 રાત્રિ - 11 દિવસ — 21 ઓક્ટોબર
- અમેરિકા — 12 રાત્રિ - 13 દિવસ — 22 ઓક્ટોબર
- સાઉથ આફ્રિકા — 11 રાત્રિ - 12 દિવસ — 20, 22, 23, 31 ઓક્ટોબર
- ન્યુઝીલેન્ડ — 12 રાત્રિ - 13 દિવસ — 19, 20, 22 ઓક્ટોબર
- ઓસ્ટ્રેલિયા — 12 રાત્રિ - 13 દિવસ — 19, 21, 22, 23 ઓક્ટોબર
- વિયેતનામ — 08 રાત્રિ - 09 દિવસ — 21,23,24 ઓક્ટોબર
- શ્રીલંકા — 07 રાત્રી - 08 દિવસ — 12, 22, 23 ઓક્ટોબર
- વિયેતનામ — 10 રાત્રિ - 11 દિવસ — 23 ઓક્ટોબર
- અઝરબૈજાન — 07 રાત્રી - 08 દિવસ — 20, 22, 23, 24, ઓક્ટોબર
- અઝરબૈજાન & જ્યોર્જિયા — 11 રાત્રિ - 12 દિવસ — 22 ઓક્ટોબર

ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026

- ઓસ્ટ્રેલિયા — 11 રાત્રિ - 12 દિવસ — 07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી, 06 ફેબ્રુઆરી, 16 ફેબ્રુઆરી
- ન્યુઝીલેન્ડ — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી, 15 ફેબ્રુઆરી - 06 માર્ચ
- ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા — 17 રાત્રિ 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી
- સાઉથ આફ્રિકા — 10 રાત્રિ - 11 દિવસ — 12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી, 12 ફેબ્રુઆરી - 22 માર્ચ
- આઈસલેન્ડ — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ
- વિયેતનામ — 08 રાત્રિ - 09 દિવસ — 08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી, 20 ફેબ્રુઆરી - 02 માર્ચ
- સ્કેન્ડીનેવ્યા — 12 રાત્રિ - 13 દિવસ — 15 માર્ચ

હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

બ્રાંચ ઓફિસ નિકોલ (અમદાવાદ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in

સાંપ્રત સમયની વિસંવાદિતા અને વિષમતાની 'પરખ' કરીને ફરી 'હર્ષ' પ્રાગટ્ય માટે હાકલ કરતી હાઈકુ શ્રેણી

સંપાદક: હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

કેટલા ખોટા, । ચોમેર આ ટકોરા. । બંધ ના થાય !

આજની વરવી વિષમતા, મોટા ભાગના મોટા ખોટા, પોતે જે કરે એ જ સાચું એના ધમપછાડા, આ બંધ કોણ કરે? ઈચ્છા એને જિજીવિષાના દ્વંદ્વ મધ્યે કોણ તૈયાર થવાનું? ક્યારે?

કોણ જવાનું । બંધ કરવા છેક? । અઘરું છે ને?

આ સ્થિતિનો બદલાવ કોણ લાવે? કેવી રાતે? છેક લગી મેહનત, વિડંબના. શું થશે? શરૂઆત અઘરી અને ભયજનક છે, પગરણ માંડવાની હિંમત કેવી રીતે આવવાની?

એક નીકળ્યો, । બીજાએ ઝાલી સીડી; । સડસડાટ.

એક હામ ભીડે, મદદ કરવા તરત બીજો પણ મળે, ઝડપથી બધા મળે પણ ખરા! ઝૂકાવી દેવા મરજીવા તો હોય છે જ પણ પ્રથમ પગરણ બાદનું અંધારું કોરી ખાય છે.

સઘળા જોતા । ટગર ટગર રે, । વિશ્વાસથી જ.

ભેગા થયા બાદ જીતના વિશ્વાસથી બધા ઐક્ય માટે મથે, એકબીજામાં ભળે, શ્રધ્ધા મૂકે. એકઠાં થઈ જવું અને ભેગા કરવા એ સહેજ પણ મુશ્કેલ નથી પરંતુ એકવાર સમૂહનું સર્જન થાય બાદ એને જાળવી રાખવો એ ગિરિરાજને બાથ ભીડવા જેવું છે.

ખટક્યું કોને? । શોધે બધા, ખામોશ! । કેવું કારણ?

પણ શું જીત મળશે? વિલન કોણ આ સાત્વિક પગરણમાં? બધા અસમંજસમાં પણ ના તો કારણ મળે, ના મારણ. ખામોશી પગરવની! સાગમટે મંજિલની રાહમાં એકસાથે લોકો નીકળે ત્યારે કાયમ આ પરિસ્થિતિ આવે જ છે. હકારાત્મક વિચારો લઈને નીકળેલા સમૂહમાં નકારાત્મક વાતાવરણ ઊભું કરનારા તૈયાર જ હોય છે.

પકડનાર । મજબૂત લાગતો, । પ્હેલી નજરે.

પ્રથમ દષ્ટિએ પહેલો સાથી મજબૂત જણાતો હતો, તૈયાર હતો, બાહુબલી હતો, સાથસંગાથનો બેલી પણ ખરો. પહેલી નજરે હોં કે! કોઈ પણ જનઆંદોલનના પ્રારંભે શરૂઆત કરનાર હંમેશા મજબૂત, સાહસિક અને વિશ્વાસુ લાગે છે. પરંતુ ક્રમશઃ નવા નવા પરિબળો અને પડકારો વચ્ચે આ પહેલી નજર ધૂંધળી બનતી જાય છે.

પણ, સંશય । જબરો ઊદભવ્યો, । ધીમે ધીમે જ.

બધું જ હકારાત્મક હોવા છતાં શંકાનું કિરણ દોડાદોડી કરી રહ્યું હતું. શું સંશયને સાચો પાડવા કોઈક કે ઘણા મૌન અવાજ કરી રહ્યા હતા? નેતૃત્વની કેડી એ કાંટાળા બાવળોની સેજ છે એ થોડાક સમયમાં જ સાત્વિક અને સત્યવાદીઓને સમજાઈ જાય છે અને એ જ તબક્કે જૂઠા અને પ્રપંચીઓ સત્યને ઢાંકી જૂઠનું નેતૃત્વ ફેલાવે છે.

ધીમી હતી એ । સંશય શરુઆત. । અંત આરંભ ?

શંકાની શરુઆત ભલે હોય ધીમી, આરંભ એકવાર કરે તો કાયમ ઉસરપાટો જ બોલાવે. અદ્વિતીય આરંભનો અંત કે સ્વપ્નિલ અંતનો આરંભ? અવઢવ અને અવિશ્વાસનો પારો તાવની જેમ ધીમે ધીમે ચઢતો જાય છે અને પરિણામે સાચી દિશામાં માંડેલ પગરણ હાલકડોલક થઈ સંતાઈને નિસાસા નાખે છે.

શું બચવાનું? । ખોવાયા મરજીવા । જળ શોધમાં.

મરજીવા ક્યારેય પાણીમાં ના ખોવાય પણ જો ખોવાય તો સમજી લેવાનું કે કોણ બચશે, શું બચશે, કેટલું બચશે, ક્યાં બચશે? યુગોયુગાંતરથી ઈતિહાસમાં આ કમનસીબ તવારીખ અવારનવાર નોંધાઈ ગઈ છે. શરૂઆતમાં આહલેક કરનારા મહદંશે મઝધારના પગથારે ધકેલાઈ જાય છે અને બની બેઠેલા દંભી અને પ્રપંચીઓની ટોળકી સમાજને ખોટી દિશામાં લઈ જાય છે.

શાંતિની હાકલ

રચના: જયેન્દ્રકુમાર એસ. પટેલ, ચાંગડા

(રાગઃ મને લઈ જાને તારી સંગાથ)
જ્યારે જગત બને અશાંત, ત્યારે મને ગમતું નથી,
તેમાં વર્તે જ્યારે હાહાકાર, ચેન મને પડતું નથી.
મારૂં-તારૂં કરીને એકબીજા લડે,
એકનું જોઈને બીજો વાદે ચડે,
તમે ઈર્ષ્યાથી થઈ જશો ન્યાલ, એવું મને લાગતું નથી.
વિકાસની વાતમાં હાથોહાથ જોડો,
વિનાશની વાતમાં એનો નાતો તોડો,
તમે શાંતિ-અહિંસા રાખો સાથ, બીજું મને ખપતું નથી.
વિજ્ઞાનની શોધનો દુરૂપયોગ કીધો,
પરમાણુ બોમ્બનો જામ એણે પીધો,
આમાં નિર્દોષના જાય ઘણા પ્રાણ, એવું મને ગમતું નથી.
ધર્મી-વિધર્મીના નામે યુદ્ધ કીધાં,
ના માન્યા તો ઉપડી ગયા સીધાં,
આપણે એક જ ઈશ્વરના સંતાન, એવું કોઈ માનતું નથી.
વસુધૈવ કુટુંબકમની ભાવના રાખો,
જયના મુખની વાત ધ્યાને રાખો,
નથી યુદ્ધમાં થયું કલ્યાણ, બીજું કાંઈ કહેવું નથી.

છંદ

હે જગમાં આજે શાંતિ કાજે ભેગા ભળીને પ્રણ લઈએ,
ઈર્ષા-અહિંસાનો ત્યાગ જ કરીએ, એવું આપણ પ્રણ લઈએ...
હે શાંતિ રાખો, ઈર્ષ્યા કાપો, હળીમળીને સુખથી જીવો,
મીઠી નિંદર આવે તુજને એવો પ્રગટાવો દીવો કે... જીરે.

રેકી

જ્યોતિષ-આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા



ગયા અંકમાં આપણે રેકી વિષય પર થોડી વાત સમજ્યા તેના અનુસંધાનમાં રેકી એક જાપાની ભાષાનો શબ્દ છે. એનો અર્થ સર્વ વ્યાપી શક્તિ થાય છે અને આ શક્તિ આપણે બધા લઈને જન્મ્યા છીએ અને તે શક્તિથી આપણે જીવન જીવી રહ્યા છીએ એ શક્તિ સર્વોચ્ચ શક્તિ છે. આ શક્તિને જાગૃત કરવા માટે તમારી પાસે કોઈ નિયમ હોવો જોઈએ અને એવા પાંચ નિયમ છે જે આ શક્તિને જાગૃત કરે છે.

પ્રથમ નિયમ આજે હું ક્રોધ કરીશ નહીં. બીજો નિયમ આજે હું ચિંતા કરીશ નહીં. ત્રીજો નિયમ આજે હું દરેક જીવને પ્રેમ અને આધાર કરીશ. ચોથો નિયમ આજે હું કુદરતની કૃપાનો આભાર માનીશ. પાંચમો નિયમ આજે હું મારું દરેક કાર્ય ઈમાનદારીથી કરીશ.

જો તમે ઉપરના નિયમ પ્રમાણે જીવન જીવવાનું શરૂ કરો છો તો ઘણા બધા પ્રશ્નો આપમેળે જ ઉકેલ આવી જાય છે.

હવે રેકીનો થોડો ઈતિહાસ જોઈએ.

ડોક્ટર મીકાઓ ઉસુઈ એ 19 મી સદીના અંતમાં પછી સો વર્ષ જૂની સંસ્કૃત સૂત્રોમાં સચવાયેલી આ વિદ્યાને શોધીને તેનો ઉકેલના મેળવ્યો હોત તો આ રેકી શબ્દથી આપણે અજાણ હોત તેઓ જાપાનમાં એક યુનિવર્સિટીમાં વડા હતા.

એક વખત એમના થોડા વિદ્યાર્થીઓએ પ્રશ્ન પૂછ્યો કે ધાર્મિક ગ્રંથમાં મેરેકલ હિલિંગ ટચ એટલે જાદુઈ રીતે હાથ લગાવીને રોગ મટાડવાની રીત એટલે શું ??

તે પ્રશ્નનો જવાબ ન આપી શકતા તેમણે હોદો છોડી આ મેરેકલ હિલિંગ ટચ શું છે તે શોધવાનું શરૂ કર્યું અને તેમને પોતાના જીવનનો ધ્યેય બનાવ્યું પછી અમેરિકા જાપાન ચીન ભારત વિગેરે દેશમાં ખૂબ ઉંડો અભ્યાસ કર્યો પછી તેમને ભારતના તિબેટ માં પૌરાણિક લેખોમાંથી જવાબ મળ્યો. એમાં જણાવે મુજબ તેમને સતત પ્રયત્નો કર્યા પછી પોતે આ પદ્ધતિથી પોતાને તથા બીજાઓને સાજા કરવા શક્તિમાન થયા.

રેકીની ખાસ વાત એ છે કે કોઈપણ ઉંમરની વ્યક્તિ સ્ત્રી કે પુરુષ ઓછી કે વધારે પ્રમાણમાં ભણેલી હોય તે પણ શીખી શકે છે. આવતા અંકે હવાયો ટકારાની નોંધપોથી માંથી થોડી રેકીની માહિતી આપણે જોઈશું.

35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra

RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

ANB IMMIGRATION

RCIC
Regulated Canadian Immigration Consultant

LOOKING FOR AN
IMMIGRATION
SPECIALIST

HEAD OFFICE

6201 Hwy 7, Suite# 10, Woodbridge, ON, L4H0K7

SCAN FOR FREE ASSESSMENT

"Gateway to the Future"

OUR SERVICES

- Super Visa
- Express Entry
- PR Card Services
- Student Visa
- Provincial Nominee Program (PNP)
- Visitor Visa
- Spousal Sponsorship
- Work Permit (LMIA)
- Family Class Sponsorship
- Canadian Experience Class (CEC)

YOUR TRUSTED IMMIGRATION PARTNER

Off: 905-230-4737
Toll Free: 1-800-431-8499
info@anbimmigration.com
www.anbimmigration.com

ROYAL LEPAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED
REAL ESTATE
MANISH
PATEL
HELPING YOU IS WHAT WE DO
Specialized in Pre-Construction &
Assignment Sales
SALES
REPRESENTATIVE
Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
www.FlowerCityRealty.com
BRAMPTON 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2
MISSISAUGA 30 Topglight Dr. Suite 12, L5S 0A8

શરદ પૂનમનું માહાત્મ્ય

લેખક શ્રી જયેન્દ્ર ભાઈ નાયક સંગીતકાર

જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિ એ શરદ પૂનમના દિવસે ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક હોવાના કારણે તે સૌથી મોટો દેખાય છે. શરદપૂર્ણિમાનો ઉત્સવ સમગ્ર ભારતભરમાં હર્ષ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. શરદ્પૂર્ણિમાને “માણેક ઠારી” પૂનમ પણ કહેવામાં આવે છે. વળીચંદ્ર એક મહિનામાં૨૭ નક્ષત્રમાં ભ્રમણ કરે છે છે. તે પૈકી આ પહેલું નક્ષત્ર છે. સાથે જ અશ્વિન નક્ષત્રની પૂર્ણિમા આરોગ્ય આપે છે. તે માત્ર શરદ પૂર્ણિમા પર જ ચંદ્ર તેની ૧૬ કળાઓ સાથે પૂર્ણ પણે પૃથ્વીની સૌથી નજીક પણ હોય છે. સામાન્ય રીતે વર્ષમાં ૧૨ પુનમ આવે છે પરંતુ આસો માસની શરદ પુનમનું મહત્વ વધુ હોય છે. તેને શરદ પૂર્ણિમા તરીકે ઓળખાય છે કેમ કે શરદ પૂર્ણિમાથી પાનખરની શરૂઆત થાય છે. શરદ પૂર્ણિમાએ ચંદ્રના અજવાળા રાત્રે ચારેય દિશાઓને પ્રકાશિત કરે છે. .

પૌરાણિક માન્યતા

એવું કહેવાય છે કે શ્રીકૃષ્ણ ભગવાને યમુના નદીના કાંઠે રાધા અને ગોપીઓ સાથે રાસલીલા કરીને તેમને અતિ અલૌકિક સુખ આપ્યું હતું. રાધા એ કૃષ્ણ ભગવાન ની “ઈચ્છા શક્તિ” છે તો વળી ગોપીઓ “વેદની ઋચા ‘છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનમાં મહા રાસનું સર્જન કરી રહ્યા હતા ત્યારે ચંદ્ર આકાશમાંથી આ દ્રશ્ય જોઈને એટલો ભાવુક થઈ ગયો કે તેણે પોતાના શીતળ પ્રકાશ થી પૃથ્વી પર અમૃતની વર્ષા કરી હતી તેથી શરદ પૂર્ણિમાને “રાસ પૂર્ણિમા” તરીકે પણ ઓળખવામાં આવે છે.

અન્ય માન્યતા પ્રમાણે શરદ પૂર્ણિમાની રાતે લંકાપતિ રાવણ અરીસા દ્વારા તેની નાભિ (ડુંટી) પર ચંદ્રના કિરણોને ઝીલીને પુનર્જીવિત થવાની શક્તિ (ઉર્જા)પ્રાપ્ત કરતો હતો. અન્ય ધાર્મિક માન્યતા પ્રમાણે શરદ્પૂર્ણિમાની રાત્રિ એ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ તેમના સંતો ભક્તો સાથે અનેક રુપો ધારણ કરીને રાસોત્સવ કર્યો હતો.

પૌરાણિક માન્યતા

આસો મહિનાની પૂર્ણિમાના દિવસે ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં છે. આથી આ મહિનાનું નામ અશ્વિની છે. આ મહિનાની પૂર્ણિમાનું ધાર્મિક દ્રષ્ટિકોણથી વિશેષ મહત્વ છે. તે જ સમયે દેવી મહાલક્ષ્મી તેના ભક્તોને ધન-ધાન્યથી ભરપૂર કરી દે છે.

ખરેખર શરદ પૂર્ણિમાનું એક નામ “કોજાગરી પૂર્ણિમા “પણ છે. આ શરદ્પૂર્ણિમા માટે એવું કહેવાય છે કે, રાત્રિએ લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિચરે છે ને પૃથ્વી પરના મનુષ્યોના જોતાં બોલે છે કે, (કો જાગાર્ત) કોણ જાગે છે ? જે જાગે તેને ધનવાન બનાવીશ. તેથી આ દિવસે લોકો રાત્રે જાગરણ કરે છે અને રાસ રમે છે તેમ પણ માનવામાં આવે છે.

વૈદ્યક શાસ્ત્રો ની માન્યતા

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે, પુષ્પાણિ ઔષધીઃ સર્વા : સોમો ભૂત્વા રસાત્મક : હું રસાત્મક ચંદ્ર બની પૃથ્વીની તમામ ઔષધીઓનું પોષણ કરું છું. આયુર્વેદાચાર્ય આખું વર્ષ આ પૂનમની આતુરતાપૂર્વક રાહ જુએ છે. આસો સુદ- પૂનમની રાત્રિ એ આકાશ એકદમ નિર્મળ હોય છે. ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય છે. ચંદ્રના પ્રકાશ માંથી કિરણો રેલાતા હોય છે. આ ચંદ્રમાના આ શાંત- શીતળ પ્રકાશથી વિધ વિધ વનસ્પતિઓ અને ઔષધિઓને પોષણ પ્રાપ્ત થાય છે. જીવન આપનાર રોગનો નાશ કરનારી ઔષધિઓને શરદપૂર્ણિમાની રાત્રિએ ચંદ્રના પ્રકાશમાં રાખવામાં આવે છે. ચંદ્રના કિરણોના અમૃતથી સ્નાન કર્યા બાદ જડીબુટ્ટીઓમાંથી દવા બનાવવામાં આવે છે, ત્યારે તે તરત જ દર્દીને અસર કરે છે. પ્રાચીનવેદ ગ્રંથો તેમજ વાયુ પુરાણોમાં ચંદ્રને પાણીનું પરિબળ તેમજ ઔષધીય એટલે કે ”દવાઓના સ્વામી”ની ઉપમા આપી છે. માનવના શરીરમાં પિત્તનો સંચય જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવા મહિનામાં થાય છે. ચંદ્ર તેની સોળ કળાએ ખીલી ઊઠે છે. અભ્યાસ મુજબ દૂધમાં લેક્ટિક એસિડ અને અમૃત હોય છે.

આ તત્વ ચંદ્ર કિરણો દ્વારા વધુ પ્રમાણમાં શક્તિનો સંગ્રહ કરે છે. ચોખામાં રહેલા સ્ટાર્ચને લીધે આ પ્રક્રિયા સરળ બને છે. સંશોધન મુજબ દૂધ પૌંવાને ચાંદીના પાત્ર માં બનાવવા જોઈએ. ચાંદીમાં ઉચ્ચ પ્રતિકારક શક્તિ છે. જે વાયરસને દૂર રાખે છે. આ કારણોસર, ઋષિ મુનિઓએ શરદ પૂર્ણિમાની રાત્રે ખુલ્લા આકાશમાં દૂધ પૌંવાની ખીર રાખવાનો નિયમ બનાવ્યો હતો. આ પરંપરા વિજ્ઞાન પર આધારિત છે. અન્ય પૌરાણિક માન્યતા અનુસાર આ દિવસે ચંદ્રના કિરણોમાંથી અમૃત બિંદુ ટપકે છે. પૂર્ણ ચંદ્રની રાત્રે ચંદ્રનાં કિરણો ગમે તે દિશામાં પડે છે, તેમાં અમૃત ભળી જાય છે. શરદ પૂર્ણિમાની રાત્રે ચંદ્રના પ્રકાશમાં આખી રાત રાખવામાં આવેલા દૂધ પૌવા સવારે ખાલી પેટે ખાવાથી પિત્ત બહાર આવે છેતેમજ તમામ રોગો દૂર થતાં શરીર સ્વસ્થ બને છે. શરદ પૂર્ણિમાની રાત્રિ દર્દીઓ માટે વરદાન છે. અન્ય ભૌગોલિક અને વૈજ્ઞાનિક માન્યતા અનુસારપૂર્ણિમાની રાત્રે ૧૦ થી મધરાત ૧૨ દરમિયાન ઓછા કપડાંમાં ચંદ્રના પ્રકાશમાં ફરવાથીવ્યક્તિને ઉર્જા મળે છે. સોમચક્ર, નક્ષત્રીય ચક્ર, અને અશ્વિનનો ત્રિકોણને કારણે શરદ ઋતુ માં ઉર્જા સંગ્રહ થાય છે.

શરદ પૂર્ણિમાના દિવસે પૂજા પાઠ

૧. આસો મહિનાના શુક્લ પક્ષની ચતુર્દશીના દિવસે શરદ પૂર્ણિમાનું વ્રત રાખવામાં આવે છે. સવારે બ્રહ્મમુહુર્તમાં ઉઠીને સ્નાન કરીને. સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી આ દિવસે ધનની દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાની પરંપરા છે. આપણા આરાધ્ય દેવને સ્નાન કરાવીને સુંદર વસ્ત્ર અને આભૂષણોથી સુશોભિત અને સુસજ્જિત કરવા જોઈએ.

૨ અંબ, આચમન, વસ્ત્ર, ગંધ, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, સોપારી, દક્ષિણા વગેરેથી આરાધ્ય દેવનું વિધિ પૂર્વક પૂજન કરવું જોઈએ.

૩. . ગાયના દૂધની ખીર અને પૂરીઓ બનાવીને અર્ધરાત્રિના સમયે ભગવાનને ભોગ લગાવવો. ત્યારબાદ વ્રત કથાનું શ્રવણ કરવું.

૪. વ્રત કથા સાંભળવા માટે એક લોટામાં પાણી ભરીને અનાજ અને કેરીના પાનને લઈને એક કળશની સ્થાપના કરો અને તે કળશ અને ચોખા સાથે વંદના કરવું.

૫. લક્ષ્મી નારાયણને તિલક અને પૂજન કરી ચોખાના ૧૩ દાણા હાથમાં લઈને કથા સાંભળવી. કથા પૂર્ણ થયા પછી લોટામાં મુકેલ જળથી ચંદ્રમાને અર્ઘ્ય આપવો.

૬ આ રાત્રિએ ચંદ્રના અજવાળામાં સોયમાં દોરો પરોવવાથી આંખનું તેજ વધે છે.

૭. રાત્રે જ દૂધ પૌવાને ભરેલ પાત્રમાં ભરી ખુલ્લા સ્થળે ચંદ્રના પ્રકાશમાં મુકી દો. બીજા દિવસે તેને પ્રસાદ રૂપમાં સૌને વહેંચી દો અને આપણે પણ ગ્રહણ કરવો જોઈએ. શરદ પૂર્ણિમાનું આ વ્રત કરવાથી જીવનમાં સુખ સમૃદ્ધિ અને શાંતિ આવે છે.

એવી લોકવાયકા છે કે તે દિવસે ખેડૂત ખેતર માંજુવારનું વાવેતર કરે તો જુવારના ડુંડામાં મોતીના દાણા જેવો જુવારનો પાક તૈયાર થાય છે.

વિવિધ રાજ્યોમાં શરદ પૂર્ણિમાની ઉજવણીઃ

ગુજરાતમાં શરદ પૂર્ણિમા પર લોકો ગરબા રમે છે. તેને શરદોત્સવ પણ કહે છે. મણિપુરમાં પણ શ્રી કૃષ્ણ ભક્તો રાસ રમે છે. પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં શરદ પૂર્ણિમાની રાત્રે મહાલક્ષ્મીની વિધિ પૂર્વક પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જેઓ આ પૂર્ણિમા પર મહાલક્ષ્મીની પૂજા કરે છે અને આખી રાત જાગતા રહે છે. તેઓની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. જ્યારે ઓડિશામાં શરદ પૂર્ણિમા “કુમાર પૂર્ણિમા” તરીકે ઉજવવામાં આવે છે.

અંતમાં કવિ શ્રી દયારામ ની ગરબી દ્વારા મારા લેખ ની પૂર્ણાહુતિ કરીશ.

વૃંદાવનમાં થનકાર થનક થૈ થૈ થૈ
રાધાકૃષ્ણ રમે રાસ ગોપી લૈ લૈ લૈ
બીજું કૈં નહીં કૈં નહીં... વૃંદાવનમાં...

Wide Range of Mortgage Options Available

• Residential • Commercial • Business Loan

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Download My Free Mortgage App

Let's talk! Your FREE consultation awaits.

Call Today: 647-893-1311

Dhavalkumar Patel
Mortgage Agent Level 2

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive — your loved ones are waiting for you. 🙏

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal)
- Khaman(Nylon)
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special

METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફેશ ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

આપણે બધા જ સહદેવ....

લેખકઃ શ્રીમતી મિનાક્ષી કરમરકર

પૃથ્વી ઉપરનું સર્વશ્રેષ્ઠ સામાજીક પ્રાણી એટલે માનવી જે ભગવાનનું સૌથી સુંદર સર્જન. માનવી એટલે દયા, ક્રૂરતા, જ્ઞાન-અજ્ઞાન, વિચાર, ભાવના, શ્રધ્ધા-અંધશ્રધ્ધા, આસ્તિકતા-નાસ્તિકતા અને ઈર્ષાથી ભરેલો જીવ. છતાં, એની પણ મર્યાદા છે જેને લઈને ઘણીવાર એટલી બધી લાચાર સ્થિતિમાં આવી જાય છે કે પોતાનું અસ્તિત્વ, પોતાની સૂઝબૂઝ, આન-શાન-ભાન ગુમાવી બેસે છે.

હકીકતમાં પામર માનવીની લાચારી શારીરિક કે આર્થિક નથી હોતી, પણ માનસિક હોય છે. જ્યારે મનુષ્ય પોતાના આત્મા સાથેના સંવાદથી દુર થઇ જાય છે, ત્યારે સાચી લાચારી ઊભી થાય છે. આધ્યાત્મિક દષ્ટિએ જોઈએ તો, દરેક માનવીની અંદર અપરિમિત શક્તિ, શાંતિ અને પ્રકાશ છુપાયેલો છે પણ આપણને સૌને જન્મથી જ એક વિશિષ્ટ નામની ઓળખ મળી જાય છે અને આપણે આયુષ્યભર પૂર્ણ દેહત્વમાં જ જીવીએ છીએ. પાલન-પોષણ અને સામાજીક પરિબળો દ્વારા આપણા સૌનો બાહ્ય દ્રષ્ટિકોણ એટલો વિસતૃત કરાવી દેવામાં આવે છે આપણી આંતરિક દ્રષ્ટિ ક્યાંય દૂર સુધી અદ્રશ્ય થઈ જાય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ જાણીએ તો આપણા સૌની અંદર ભગવાને અમર્યાદિત શકિતઓ આપી છે પણ આપણે મોહમાયાના ચક્રમાં એવા ફસાયા છે કે એ શકિતનો ઉપયોગ કરવાનું સૂઝતું જ નથી. આ તો પેલી કહેવત જેવું છે કે "કાખમાં છોકરું અને ગામ આખામાં ગોતે". પોતે જ પરમપિતા ઈશ્વરનો અંશ છે એ જયારે ભૂલી જઈએ છીએ અને આપણા અંતરાત્માના અવાજને સાંભળવાનું બંધ કરી દઈએ ત્યારે જ મન ઉપર નિષ્ફળતા, ભય, ઈર્ષ્યા કે અહંકાર એવા હાવી થઈ જાય કે આપણા જેટલો દુઃખી જીવ આ દુનિયામાં કોઈ નહીં હોય એવું અનુભવીએ છીએ.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: "ઉદ્ધરેતાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્" અર્થાત્ - પોતાનું ઉદ્ધાર પોતે જ કરવો. કોઈ ત્રીજું નહીં આવીને તમારું જીવન બદલાવશે - તમારામાં રહેલો આત્મજયોત જ એ તકો જગાડશે.

આપણી લાચારીને દૂર કરવા આપણે રોજીંદા કાર્યોમાં ફરજીયાત ધાર્મિક પ્રવૃત્તિઓથી ધ્યાન, ભજન, સેવા, સાધના અને સત્સંગ કરીએ તો જરૂર અંતરનાદ સંભળાય કે "તું એક શરીર નથી, તું એક દિવ્ય ચેતન તત્વ છે" અંતે, માનવીની લાચારી એક તબક્કો છે, અંત નથી. જાગૃત થવાની અને આત્માને ઓળખવાની ક્ષમતા દરેક માનવીમાં છે. પોતાના વાસ્તવિક સ્વરૂપ સુધી પહોંચવા માટે લાચારીને અંતતઃ લાગણી નહીં પણ એક તક બનાવી શકાય.

મહાભારતનાં પાંડવોમાં સહદેવ સૌથી નાનો ભાઈ હતો, પરંતુ જ્ઞાન અને તત્શક્તિમાં અત્યંત ઊંડો હતો. એવું કહેવાય છે કે સહદેવને ભવિષ્યની તમામ ઘટનાઓ વિશે સંપૂર્ણ જ્ઞાન હતું – કઈ સ્થિતિમાં શું બનશે, કુરુક્ષેત્રના યુધ્ધમાં કોણ જીતી શકશે, ધર્મ કોની બાજુએ છે અને અંધકાર ક્યાં ઊભો છે. આટલી ઊંડી દૃષ્ટિ હોવા છતાં, તેણે કદી પણ તેના જ્ઞાનનો ઘમંડ કર્યો નહિ અને શ્રીકૃષ્ણની આજ્ઞાથી મૌન રહેવુ પસંદ કર્યું. આમ, આધ્યાત્મિક મૌન - એ સહદેવનું સૌથી મોટું બળ ☐☐☐☐.

આપણે જો આજના જીવનમાં નજર કરીએ, તો સમજાય છે કે આપણા દરેકની અંદર પણ કોઈ "સહદેવ" વસે છે. આપણને ઘણું ખબર પડે છે - ક્યારે બોલવું, ક્યારે ચુપ રહેવું, શું સાચું છે અને શું ખોટું. આપણા જીવનના ઘણા પડાવ એવા આવે છે જ્યાં અંતરાત્મા સ્પષ્ટ જવાબ આપે છે, પણ આપણે બહારથી મૌન રહેવાનું પસંદ કરીએ છીએ. ઘણુંબધું આપણે પણ જાણીએ છીએ. પણ બોલતાં નથી. ક્યારેક એ મૌન આધ્યાત્મિક શાંતિ છે, તો ક્યારેક ભય છે. ક્યારેક એ અંતરદર્શન છે. તો ક્યારેક અન્યાય સામે નીચું મોં અને ક્યારેક એ વિશ્વાસ છે કે "સમય બધું બતાવશે".

પશ્ચિમના દેશોમાં જયાં ભારતીયો વસે છે તેઓ પોતાની જન્મભૂમિ છોડયા પછી આપોઆપ સહદેવ બની જાય છે કે બનવું જ પડે છે. વિદેશની ધરતી ઉપર પગ મૂકતા જ ભૌગોલિક પરિબળોની સાથે સામાજીક પરિબળો પણ બદલાય જાય છે. સૌ કોઈ સંસ્કાર, પરંપરાને નેવે મુકીને મનમાની પર ઉતરી પડે છે કે પછી જીવનનિર્વાહ કરવા મને-કમને ઉતરવું પડે છે. હું જયારે ભારતથી અહીં આવતી હતી તો ઘણા સામાજીક કાર્યકરોએ મને કહ્યું કે બેન, તમે ત્યાં જાવ છો તો આપણા યુવાધનને પાછા વળો, મોટાભાગનું આપણું યુથ ત્યાં લીવ એન્ડ રીલેશનશીપમાં રહે છે, માવતરને જેની ખબર પણ હોતી નથી. ડ્રગ્સના રવાડે પોતાને હોમી દે છે. નોનવેજના રવાડે ચડ્યા છે, દૈનિક રહેણી-કરણીમાં પશ્ચિમી શૈલીમાં પોતાને ઢાળી આપણી ધાર્મિકતા, સંસ્કારનો દાટ વાળ્યો છે, સ્વછંદી બની ગયા છે વગેરે...

ભલા માણસ, તમારી બધી વાત સાચી છે પણ સૌથી પહેલો દોષ તો એ માવતરનો છે. જેમણે આર્થિક સધ્ધરતા મેળવવા, દેખાદેખીમાં પોતાના સંતાનોને વિદેશ મોકલ્યા અને તે પણ લોકોની વાતો ઉપર ભરોસો કરીને, બીજાના સંતાનોની સાથે પોતાના સંતાનોને સ્પર્ધામાં ઉતારીને, લાખોનું દેવું કરીને, અઢળક આકાંક્ષાઓના મિનારા બાંધીને ભારતમાં તમે નર્સરીમાં પણ બાળક મુકવાના હોય તો દસ નર્સરીમાં આંટો મારી આવો અને વિદેશમાં? રામભરોસે એડમીશન કોલેજોમાં લઈ લો છો. ત્યાં ગયા પછી વિદ્યાર્થી પોતે મૂંઝાય... નવા વાતાવરણમાં, ભાષામાં, ભોજનમાં. વિદેશની ધરતી ઉપર એ હૂંફ, પ્રેમ, લાગણીના સગા શોધવા જાય તો કયાંથી મળે કારણ, અહીં તો સૌ કોઈ કમાવા આવ્યા છે. ડૉલરની દોડમાં છે. માનસિક નિરાશામાં ગયેલ વિદ્યાર્થી માવતરને કહે કે, મારે પાછું ભારત આવવું છે, મને અહીં ગમતું નથી, ખાવાનું ફાવતું નથી, નોકરી મળતી નથી અને ભવિષ્યની તો કોઈ ખબર જ નથી કે કયારે આ દેશ મને વિમાનમાં બેસાડી દેશે? પણ, મા-બાપની મૂંઝવણ પણ એ છે કે તુ લાખો રૂપિયાનું દેવું કરીને ગયો છે તો ભઈલા એટલુ દેવુ ફેડાય તેટલું કમાયને પાછો આવી જજે. અને એમાં સમય એટલો બધો વ્યતિત થઈ જાય કે એ દીકરો વિદેશી બની જાય.. હવે, આ બધુ બધા જ ભારતીયોને વિદેશમાં ખબર હોય છતાં બધા સહદેવ.....

સહદેવ જાણતો હતો કે યુદ્ધ ટાળવું યોગ્ય છે, છતાં સમય અને ધર્મની નિર્મમ ગતિએ તેને પણ યદ્ધના માર્ગે ચાલવું પડ્યું. તેનો મૌન સ્વીકાર એ આધ્યાત્મિક શિખર છે - જ્યાં માણસ બધું જાણે છે, છતાં "હું જ સમજદારીનું કેન્દ્ર છું" એ અહંકાર ન ધરાવે. આપણે પણ આજના યુગમાં એવું જ અનુભવીએ છીએ. અસત્ય, લાલચ, અંધશ્રદ્ધા અને અધિકારના દુરૂપયોગ સામે ઘણાં લોકો મૌન છે - એ બધું જાણે છે, પણ બોલતા નથી. શું એ મૌન સમજદારીનું છે? કે એ ભયનું છે?

આજની અધ્યાત્મિક યાત્રામાં, "સહદેવ બનવું" એ અર્થ છે - જ્ઞાન મેળવવું, તેને પચાવવું, અને યોગ્ય સમયે તેના પર પગલાં ભરવા માટે આત્મા સાથે જોડાયેલો રહેવો. અસલી સહદેવ એ છે - જે સર્વજ્ઞાની હોવા છતાં મૌન છે, શાંત છે, અને પોતાનું કાર્ય નિયમિત રીતે કરે છે. જ્યારે આપણે ભીતરથી જાણીએ છીએ કે શું યોગ્ય છે, ત્યારે એ અવાજ એ સહદેવ છે. જ્યારે આપણે અંદરથી ચોક્કસતા અનુભવીને પણ શાંતિ રાખીએ છીએ, ત્યારે એ મૌન એ સહદેવ છે અને જ્યારે આપણા દરેક કર્મ પાછળ એક આંતરિક સમજ હોય, ત્યારે એ સમજ એ સહદેવ છે.

સહદેવ કોઈ પાત્ર નથી, સહદેવ એ એક અવસ્થા છે અને આપણા બધામાં એ અવસ્થા રહેલી છે. પ્રશ્ન એ છે કે, આપણે એ સહદેવને જગાડીએ છીએ કે નહિ? મૌન પણ ક્યારેક મહાન સત્ય હોય છે - બસ શરત એ છે કે તે જ્ઞાનથી ભરેલું હોય.

આપણે પણ આંતરિક રીતે ઘણું જાણીએ છીએ – સારું શું છે. ખરાબ શું છે, ખોટું ક્યાં છે. સાચું ક્યાં છે. આપણા અંતરાત્મા રોજ દિશા બતાવે છે. પણ આપણે ઘણીવાર એ અવાજને અવગણીએ છીએ, ક્યારેક સમાજના ડરથી, ક્યારેક સ્વાર્થના લીધે, તો ક્યારેક અશક્તિની ભાવનાથી અને કયારેક એવા પરિબળોથી જેને લઈને આપણે પરાણે સહદેવ બનવું જ પડે... બરાબરને!

સહદેવ પાસે શબ્દોની શક્તિ હતી, પરંતુ નિયંત્રણ હેઠળ. તેમણે બધું જાણતા હોવા છતાં ઘણી વાર મૌન રહેવું પસંદ કર્યું - સમાજના, ધર્મના અને પરિવારના શ્રેય માટે. ક્યારેક ભય, ક્યારેક પરિસ્થિતિ, અને ક્યારેક "શાંત રહેવામાં જ સાર છે" જેવો વલણ આપણને સહદેવ બનાવી દે છે. અંતે, સહદેવ બનવું ખરાબ નથી - પરંતુ જો તમે બધું જાણો અને છતાં અવાજ ઊભો ન કરો, તો એ જ્ઞાન પણ નિર્વીશેષ બની જાય છે.

મારી આજની યુવાપેઢીને આવાહન છે કે "મારે સહદેવ નથી બનવું* પણ,

જ્યારે સમાજમાં ભ્રષ્ટાચાર, લિંગભેદ, શોષણ અથવા પર્યાવરણ પર અણદેખી થઈ રહી હોય, ત્યારે જો તમે જોઈને પણ મૌન રહો. તો એ મૌન પણ અપરાધના ભાગીદાર બની જાય છે. મહાભારતમાં સહદેવ જાણતો હતો, છતાં ચૂપ રહ્યો. આજે આપણને એ ભૂલની પુનરાવૃત્તિ નથી કરવી, સત્ય સામે ઊભા રહીને અવાજ ઉઠાવવો એ યુવાનોની સાચી જવાબદારી છે.

સહદેવ બુદ્ધિશાળી હતો. ભવિષ્ય જોઈ શકતો હતો, છતાં સમય આવે તો બોલ્યો નહીં. આજનો યુવાન પણ ઈન્ટરનેટ, મલ્ટીમીડીયાથી માહિતગાર છે, પરંતુ જો એને સમાજના દુર્બળ વર્ગ માટે, પીડિતો માટે અવાજ ઉઠાવતા ન આવડે, તો એ જ્ઞાન શું કામનું? મારે સહદેવ નથી બનવું. કારણ કે હું કંઈક બદલાવ લાવવા ઈચ્છું છું- મૌન રહીને નહીં. અવાજ બનીને.

આજના સમયમાં યુવાનો જો જાતીય ભેદભાવ. ધર્મના નામે નફરત. અથવા સ્ત્રીઓ પર અણચાહ્યું વર્તન જોઈને પણ કશું ન બોલવામાં ગૌરવ અનુભવે, તો એ શરમજનક છે. તમારું મૌન તમારા કર્તવ્યથી વિશેષ બને છે. યુવા તરીકે, આપણે જોઈશું પણ ચૂપ નહીં રહીએ કારણ કે 'મારે સહદેવ નથી બનવું.

યુવાનો માટે "મારે સહદેવ નથી બનવું" એ માત્ર એક વાક્ય નથી - તે એક સંકલ્પ છે. સંકલ્પ કે જયારે સમાજ સામે અન્યાય થતો જોઈશ, ત્યારે હું મૌન નહિ રહું. હું કલમથી અવાજથી. ટેકનોલોજીથી કે રેલીથી - કોઈ પણ રીતે સત્તા સામે વિરોધ કરતો રહીશ. મારૂં મૌન કોઈની દુઃખદ કહાનીનો ભાગ ન બને, એ જ મારી જવાબદારી છે.

HOMELIFE

HIGHER STANDARDS®

HOMELIFE/MIRACLE REALTY LTD.

Brokerage, Independently Owned & Operated

SANJU PATEL

Broker

DIRECT 647-721-0491

OFFICE 905-454-4000

FAX 905-463-0811

REALTOR®

MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail. com

Web www. shivbijhomes. com

MitRam
INDIAN GROCERY
Committed For Quality
Navratri
OFFER
$21
Mango Pulp Kesar(Pack of 6)
$27
Alphonso (Pack of 6)
10%
Flavoured Makhana
10%
Mitram Namkeen
25%
Akash Namkeen
10%
Dry Fruit
$4
Khakhra (3 Packs)
25%
Ready To Eat
5%
Whole Spices
10%
Wheat Atta
10%
Pulses
10%
Ground Spices
UNJHA'S FAMOUS SPICES AND GROCERIES
"Fill your cart for $200 and get Chakki Atta FREE!"
Exclusive Deal, Limited Period Only !
Mitram Foods Ltd.
386 Deerhurst Dr, Brampton, ON L6T 5H9, Canada

અધર્મ પર ધર્મનો વિજય એટલે વિજયાદશમી..

ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી.

ભારત તહેવારોનો દેશ છે. આ ભારતીયો નો લોકપ્રિય તહેવાર છે.જુદા જુદા રાજ્ય માં અલગ અલગ રીતે ઉજવાય છે. આસો માસની સુદ દસમે આ તહેવાર આવે છે. લંકાના રાજા રાવણ પર ભગવાન રામે વિજય મેળવ્યો તેના માનમાં આ તહેવાર ઉજવાય છે તેથી તેને વિજયા દશમી કહે છે. દેવી મા દુર્ગા એ નવ દિવસની લડાઈ બાદ મહિષાસુર રાક્ષસનો વધ કરી વિજય મેળવ્યો તેથી આ નવ દિવસને નવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે અને દસમા દિવસે વિજય થયો હોવાથી તેને વિજયાદશમી અથવા દશેરા કહેવામાં આવે છે.

સમી વૃક્ષની પૂજા -- આ છોડ શનિદેવ સાથે સંબંધિત છે. પાંડવોએ તેમના વનવાસ દરમ્યાન સમીના વૃક્ષ પર તેમના શસ્ત્રો છુપાવ્યા હતા. પૌરાણિક હકીકત મુજબ ભગવાન પ્રભુ રામે લંકા પર યુદ્ધ કરતા પહેલા આ છોડની પૂજા કરી હતી તેથી આ વૃક્ષ ખૂબ જ પવિત્ર અને પૂજનીય ગણવામાં આવે છે.

સિદ્ધપુરમાં પતંગ મહોત્સવ --સમગ્ર ભારતમાં ઉતરાયણના દિવસે પતંગ ઉડાડવામાં આવે છે જયારે ગુજરાતના સિધ્ધપુરમાં દશેરાના દિવસે દાન પુણ્ય કરવામાં આવે છે અને પતંગ મહોત્સવ ઉજવાય છે.

ફાફડા જલેબીની પરંપરા

આ દિવસે ગુજરાતમાં લોકો લાખો રૂપિયાના ફાફડા જલેબી આરોગે છે. ભગવાન રામે રાવણનો વધ કરી વિજય મેળવ્યો તેની ખુશીમાં લોકોએ રામને ભાવતી અને તેમની પ્રિય શાશ્કુલી (જલેબી) નગરમાં વહેંચી હતી. મીઠાઈની સાથે કોઈ ફરસાણ હોય તો ખાવાની મજા આવે તેથી જલેબી સાથે ફાફડા ખાવામાં આવે છે. આમ આ દિવસથી ફાફડા જલેબી ખાવાની પરંપરા શરૂ થઈ.

વિજયાદશમીના આ પવિત્ર તહેવારે કામ, ક્રોધ, લોભ ,મદ, અહંકાર જેવા દુર્ગુણો ઉપર વિજય મેળવીએ એ જ શુભકામના.

જ્ઞાન સાથે ગમ્મત

Malaria (મલેરિયા) માદા મચ્છર કરડવાથી થતો તાવ

માલા (Mala) ડૉક્ટર પટેલ ની મુલાકાત લઈ દવાખાનામાંથી બહાર આવી ત્યાં જ એની એક ફ્રેન્ડ રિયા (Ria) અચાનક લાંબા સમયે મળી ગઈ . ત્યારે જ ડૉક્ટર ત્યાંથી પસાર થતા થતા હતા . તે સમયે રિયા એ ડૉક્ટર ને પૂછ્યુંઃ ‘ મારી ફ્રેન્ડ માલા ને શું થયું છે ?‘ ડોક્ટરે મજાકમાં કહ્યું,‘ તમે બંને (Mala+Ria) ભેગી થઇ ગઈ એટલે એને Malaria થઇ ગયો છે.‘

by S.K. Patel (Canada)

NANAKflights
Cheapest Air Fares to India & the world
Vivek Patel
(289)772-5884

Unit #201, 7990 Kennedy Rd South
Brampton ON L6W 0B3
www.nanakflights.com

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link

Chat

Let's Start!

Let's Be popular

Parth Patel
647 655 5029

Find on Google

Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com



Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 I Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB

"Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

Jignesh Patel
REAL ESTATE BROKER

Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!

Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

JTP FINANCIAL
SERVICES

Financial Freedom Starts Here

Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?

JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca

પરિસ્થિતિ - જીવનનો સૌથી મોટો ગુરુ

લેખક- શ્રી ભરતભાઈ ભાનુશાલી, વિસનગર, ગુજરાત

જીવન એ એક અનોખું વિશ્વવિદ્યાલય છે જ્યાં દરરોજ નવા નવા પાઠો શીખવા મળે છે. શિક્ષકો, પુસ્તકો, મિત્રો, પરિવાર - બધા આપણને કંઈક શીખવે છે, પરંતુ જે અનુભવ અને સમજણ પરિસ્થિતિઓ આપતી હોય છે તેનાથી મોટો શિક્ષક બીજું કશું નથી. કડવા અનુભવોથી જે શીખવા મળે છે, તે કોઈ પુસ્તકમાંથી કે કોઈ વ્યકિત પાસેથી શક્ય નથી. જીવનની કઠિન પરિસ્થિતિઓ આપણને એવી રીતથી ઘડતી જાય છે કે આપણે વધુ મજબૂત, સમજદાર અને સંવેદનશીલ બનીએ છીએ.

પરિસ્થિતિ આપણને ક્યારેક રડાવે છે, તો ક્યારેક હસાવે છે. ક્યારેક તોડી નાખે છે, તો ક્યારેક ફરીથી ઉભા થવાની શક્તિ પણ આપે છે. સચ્ચાઈ એ છે કે પરિસ્થિતિ જ આપણને આપણા સાચા સ્વરૂપનો પરિચય કરાવે છે. જ્યારે જીવન સરળ હોય છે, ત્યારે માણસ પોતાની ખામીઓ અને શક્તિઓને ઓળખી શકતો નથી. પરંતુ જ્યારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે, ત્યારે એના અંદરની હિંમત, ધીરજ અને દ્રઢતાનો પ્રકાશ બહાર આવે છે.

દરેક પરિસ્થિતિ એક પાઠ લઈને આવે છે. બાળપણમાં નાનાં પડકારો આપણને શિસ્ત અને સાવચેતી શીખવે છે. યુવાનીમાં સંઘર્ષ આપણને મહેનત અને જવાબદારીનો પાઠ શીખવે છે. વયસ્ક અવસ્થામાં પડતી મુશ્કેલીઓ આપણને સહનશીલતા અને સમજણ શીખવે છે. એક રીતે જોઈએ તો, જીવનની દરેક ક્ષણ આપણા માટે એક શિક્ષક સમાન છે.

પરિસ્થિતિઓ ઘણીવાર આપણને અસમંજસમાં મૂકે છે. ઘણી વાર લાગે છે કે હવે આગળનો માર્ગ બંધ છે. પરંતુ જો માણસ હિંમત હારતો નથી, તો એ જ અવરોધો નવા માર્ગો ખોલે છે. અંધકારમાં જ દીવો પ્રગટવાનો અર્થ સમજાય છે. દુઃખમાં જ સુખની કિંમત સમજાય છે. પરિસ્થિતિઓનો સામનો કરીને જ માણસ સાચો અનુભવી બને છે.

કેટલાક લોકો કહે છે કે સારા પુસ્તકો વાંચવાથી જ્ઞાન મળે છે, સારા મિત્રોથી સમજણ મળે છે. આ સાચું છે. પરંતુ પુસ્તક કે મિત્ર માત્ર માર્ગદર્શન આપી શકે છે, સાચો અનુભવ તો પરિસ્થિતિઓમાંથી જ મળે છે. જેમ મીઠાની સ્વાદની અનુભૂતિ માત્ર સ્વાદ લઈ શકવાથી જ થાય, તેમ જીવનના પાઠો પણ પરિસ્થિતિઓનો સામનો કર્યા વગર શીખી શકાતા નથી.

પરિસ્થિતિ માણસને નમ્ર બનાવે છે. એના ઘમંડને તોડી નાખે છે. ઘણી વાર આપણે સમજીએ છીએ કે આપણે ઘણું જાણીએ છીએ, પરંતુ એક મુશ્કેલ પરિસ્થિતિ આપણને બતાવી દે છે કે હજી ઘણું શીખવાનું બાકી છે. આ જ પરિસ્થિતિનું મહત્ત્વ છે. તે આપણને હંમેશાં નમ્ર અને શીખતા રહેવાના બનાવે છે.

જીવનની પરિસ્થિતિઓ આપણને બીજા પ્રત્યે દયાળુ બનાવે છે. જે માણસે પોતે કઠિન સમય જોયો હોય, તે બીજા માટે સહાનુભૂતિ રાખે છે. આ જ જીવનનો સાચો પાઠ છે - પોતે શીખવું અને બીજાને પણ મદદરૂપ થવું.

પરિસ્થિતિમાંથી શીખવા માટે જરૂરી છે કે આપણે તેને સ્વીકારીએ. મુશ્કેલી આવે ત્યારે રડવાથી કે ભાગવાથી કંઈ હલ થતું નથી. પરંતુ જો આપણે એને પડકાર તરીકે સ્વીકારીએ, તો એ જ મુશ્કેલી આપણને સફળતાની નવી ઊંચાઈઓ સુધી લઈ જાય છે.

સાચા અર્થમાં જોઈએ તો જીવનમાં સૌથી મોટો ગુરુ પરિસ્થિતિ જ છે. તે આપણને જીવનની દરેક કડી સમજાવે છે - ધીરજ, મહેનત, હિંમત, નમ્રતા, સહાનુભૂતિ અને આત્મવિશ્વાસ.

એટલે કે, કડવા અનુભવોને ક્યારેય નકારવા નહીં, કારણ કે એ જ અનુભવો જીવનનો સાચો ખજાનો છે. પરિસ્થિતિ આપણને ઘડતી રહે છે, બદલતી રહે છે અને અંતે આપણને સાચો માનવી બનાવે છે.

નિષ્કર્ષ એ છે કેઃ પુસ્તકો જ્ઞાન આપે છે, લોકો

અનુભવ વહેંચે છે, પરંતુ જીવનની પરિસ્થિતિઓ જ આપણને સાચી સમજણ આપે છે. તેથી જે કંઈ પરિસ્થિતિ આવે તેને સ્વીકારીને આગળ વધવું જોઈએ. જીવનના માર્ગમાં પડકારો અવરોધ નથી, પરંતુ એ જ આપણા સૌથી મોટા ગુરુ છે.

ભવ્ય અને સફળ નવરાત્રી રાસોત્સવનું આયોજન કરાયું

વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ હિંદુ ટેમ્પલ દ્વારા **2400 Finch Avenue West, North York, M9M 2C8** ખાતે તારીખ ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ આયોજિત નવરાત્રી રાસોત્સવ ભક્તિભાવ, સંગીત અને સાંસ્કૃતિક ઉમંગથી ભરપૂર રીતે ઉજવાયો હતો.

આ રાસોત્સવમાં સ્થાનિક સમુદાયના હજારો શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સુંદર ડેકોરેશન, શ્રેષ્ઠ આયોજન અને પારંપરિક ગરબાનો આનંદ સૌ કોઈએ માણ્યો.

વિશેષ રુપે, લોકપ્રિય ગાયક પ્રેમલ નાયક અને કૈરવ નાયકના જીવંત સંગીત પ્રદર્શનોએ રાત્રિ રાસને જીવન્ત અને યાદગાર બનાવી દીધો. તેમનો સૂર અને સંગીત સાંભળીને ઉપસ્થિત

શ્રદ્ધાળુઓ ભક્તિમાં લીન થઈ ગયા.

મંદિરે શ્રેણીબદ્ધ વ્યવસ્થા, પ્રસાદી વિતરણ, પાર્કિંગ અને સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

વિશેષ આભારઃ VADTAL DHAM મંદિર પરિવાર તરફથી તમામ સેવાભાવી સભ્યો, વોલન્ટિયરો, પ્રાયોજકો, અને હાજર શ્રદ્ધાળુઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. આપના સહકારથી જ આ રાસોત્સવ સંપૂર્ણ સફળ બન્યો છે.

નવરાત્રિની હાર્દિક શુભકામનાઓ....

Abhay Joshi
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more

CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707



रामलीला 2025 के लिए भव्य योजनाओं का अनावरण - मीडिया किक-ऑफ कार्यक्रम संपन्न

टोरंटो, ओंटारियो – 22 सितंबर, 2025 – उत्तर अमेरिका के सबसे भव्य सांस्कृतिक और आध्यात्मिक उत्सवों में से एक का फिर से शुभारंभ होने जा रहा है। शनिवार, 20 सितंबर 2025 को हिंदू सभा मंदिर में कहानी जंक्शन के सहयोग से आयोजित विशेष मीडिया किक-ऑफ कार्यक्रम में इस वर्ष की बहुप्रतीक्षित रामलीला 2025 की योजनाओं का अनावरण किया गया। यह ऐतिहासिक आयोजन शनिवार, 4 अक्टूबर 2025 को भव्य रूप से संपन्न होगा। पिछले वर्ष की रामलीला में लगभग 70,000 से अधिक श्रद्धालुओं की उपस्थिति दर्ज की गई थी, जो उत्तर अमेरिका में अब तक का सबसे बड़ा धार्मिक समागम था। इस वर्ष भी आयोजन समिति ने और भी भव्य व अद्वितीय प्रस्तुतियों का संकल्प लिया है। कार्यक्रम में आयोजकों ने अपनी दृष्टि साझा करते हुए बताया कि यह आयोजन केवल एक नाट्य मंचन ही नहीं बल्कि एक आध्यात्मिक यात्रा, सांस्कृतिक सेतु और सामुदायिक उत्सव है। रामलीला के माध्यम से भगवान राम की धर्म पर विजय की कालजयी कथा को एक बार फिर जीवंत किया जाएगा—शानदार मंच सज्जा, पारंपरिक परिधान, प्रभावशाली अभिनय और संगीत प्रस्तुतियों के साथ। "रामलीला केवल एक प्रदर्शन नहीं है, यह हमारी आस्था, हमारी संस्कृति और हमारी एकता का उत्सव है। पिछले वर्ष की सफलता ने हमें यह दिखाया कि जब समुदाय एकजुट होता है तो उसकी शक्ति अपार होती है। इस वर्ष हम और भी भव्य, सार्थक और अविस्मरणीय अनुभव प्रदान करने के लिए प्रतिबद्ध हैं," आयोजकों ने कहा।

रामलीला 2025 में इस बार भी सांस्कृतिक प्रस्तुतियाँ, भक्ति संगीत, सामुदायिक नृत्य-नाट्य और प्रसिद्ध रामलीला का मंचन होगा, जिसका समापन रावण दहन के साथ किया जाएगा।

कार्यक्रम विवरणः स्थानः हिंदू सभा मंदिर तिथिः शनिवार, 4 अक्टूबर 2025 सहयोगी संस्थाः कहानी जंक्शन

AIDEN JANI (08Y, 4th Std.) Brampton (Canada) માં દર વર્ષના સપ્ટેમ્બર માસમાં મેરેથોન દોડનું આયોજન કરાય છે તેમાં એડન જાનીએ મેરેથોનમાં સક્રિય ભાગ લીધેલ.

વહાલા બાળકો, શુરુ તમે ટેરી ફોક્સ અને ‘ ટેરી fox ફાઉન્ડેશન વિશે જાણો છો ?

વાર્ષિક ટેરી ફોક્સ રનઃ

વાર્ષિક ટેરી ફોક્સ રન, જે કેનેડા અને વિશ્વભરના સમુદાયોમાં યોજાય છે, તે લોકોને તેમના ધ્યેયને સમર્થન આપવા માટે ભાગ લેવા અને ભંડોળ એકત્ર કરવાની મંજૂરી આપે છે.

ટેરી ફોક્સ એક સક્રિય કિશોર હતો જેને રમતગમતનો ખૂબ શોખ હતો, પરંતુ 18 વર્ષની ઉંમરે તેને હાડકાના કેન્સરનું નિદાન થયું અને તેનો જમણો પગ કાપી નાખવામાં આવ્યો. અને સર્જરી કરાવી કૃત્રીમ પગ બેસાડ્યો.

કેન્સરના અન્ય દર્દીઓને મદદ કરવા પ્રેરિત થઈને, ટેરીએ કેન્સર સંશોધન માટે નાણાં એકત્ર કરવા માટે, તેની "મેરેથોન ઓફ હોપ" સંસ્થા માટે કેનેડામાં દોડવાનું નક્કી કર્યું.

હાડકાના કેન્સરને કારણે તેમનો પગ કાપી નાખવામાં આવ્યા પછી તેમને અન્ય દર્દીઓના ઉપચાર માટે ભંડોળ એકત્ર કરવાની પ્રેરણા મળી. ૧ સપ્ટેમ્બર, ૧૯૮૦ ના રોજ તેમને તેમની દોડ બંધ કરવાની ફરજ પડી.

જન્મઃ તા. : 28 જુલાઈ 1978

મૃત્યુઃ ૨૮ જૂન, ૧૯૮૧ ના રોજ ૨૨ વર્ષની વયે તેમનું અવસાન થયું.

તે તેના કૃત્રિમ પગ પર દરરોજ લગભગ 26 માઈલ (42 કિલોમીટર) દોડ્યો. 143 દિવસ અને 3,339 માઈલ (5,373 કિલોમીટર) દોડ્યા પછી, તેની દોડ બંધ કરવી પડી કારણ કે તે દરમ્યાન તેનું કેન્સર તેના ફેફસાં સુધી ફેલાઈ ગયું હતું.

જોકે તેથી આ અભિયાનનો અંત ન આવ્યો પરંતુ ટેરી રાષ્ટ્રીય નાયક બન્યો અને તેનો વારસો વાર્ષિક "ટેરી ફોક્સ રન" દ્વારા જીવંત રખાયો. લોકોએ સંસ્થાનું આયોજન કર્યું જેનાથી હાડકાના કેન્સર સંશોધન માટે લાખો ડોલર એકઠા કર્યા.

ટેરી ફોક્સની દોડ, જેને "મેરેથોન ઓફ હોપ" તરીકે ઓળખવામાં આવે છે.

ટેરી ફોક્સ ફાઉન્ડેશનઃ તેમની યાદમાં ટેરી ફોક્સ ફાઉન્ડેશનની રચના કરવામાં આવી હતી જે વિશ્વભરમાં કેન્સર સંશોધન માટે ભંડોળ એકત્ર કરવાનું ચાલુ રાખે છે અને દર વર્ષે તેમની યાદ માં મેરેથોન દોડનું આયોજન કરવામાં આવે છે.

જાણવા જેવું

લેખક શ્રી અતુલભાઈ જાની કેનેડા

કેનેડા દેશમાં દર સપ્ટેમ્બર માસમાં મેરેથોન દોડનું આયોજન કરવામા આવે છે.

કેન્સર નિદાનઃ ૧૯૭૭માં, ટેરી ફોક્સને તેમના જમણા પગમાં ઓસ્ટિઓજેનિક સાર્કોમા (હાડકાનું કેન્સર) હોવાનું નિદાન થયું, તેથી જમણો પગ કાપવાની ફેજ પડી.

પ્રેરણાઃ હોસ્પિટલમાં હતો ત્યારે, તે અન્ય કેન્સરના દર્દીઓની વેદનાથી ખૂબ જ પ્રભાવિત થયેલ. જેના કારણે તેમને તેમની મહત્વાકાંક્ષી દોડ શરૂ કરવાની પ્રેરણા મળી.

"આશા"ની મેરેથોન દોડ

ધ્યેયઃ ટેરી ફોક્સનો ઉદ્દેશ્ય કેનેડિયનોને કેન્સરનો ઈલાજ શોધવાના મહત્વ વિશે માહિતી આપવાનો અને આ કારણ માટે ભંડોળ એકત્ર કરવાનો હતો.

યાત્રાઃ તેમણે ૧૨ એપ્રિલ, ૧૯૮૦ ના રોજ સેન્ટ જોન્સ, ન્યુફાઉન્ડલેન્ડમાં પેસિફિક મહાસાગર સુધી પહોંચવાના ધ્યેય સાથે પોતાની દોડ શરૂ કરી હતી.

દ્રઢતાઃ ૧૪૩ દિવસ સુધી, તેઓ વિવિધ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરીને દરરોજ એક પગ પર મેરેથોન (૪૨ કિમી અથવા ૨૬ માઈલ) ની નજીક દોડયા.

જાહેર અસરઃ તેમની હિંમત અને દ્દઢ નિશ્ચયએ રાષ્ટ્રનું ધ્યાન ખેંચ્યું, જેના કારણે હજારો લોકોએ નોંધપાત્ર દાન આપ્યું.

દોડનો અંત અને વારસો

બળજબરીથી દોડ રોકુલવ પડેલઃ ૧ સપ્ટેમ્બર, ૧૯૮૦ ના રોજ, ઓન્ટારિયોના થંડર બે નજીક, ફોક્સને તેમની દોડ બંધ કરવી પડી જ્યારે કેન્સર તેમના ફેફસામા ફેલાઈ ગયું હતું.

મૃત્યુઃ ૨૮ જૂન, ૧૯૮૧ ના રોજ ૨૨ વર્ષની વયે તેમનું અવસાન થયું.